Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-23 | April – May 2016

# 'ભૂંસાતાં ગ્રામચિત્રો': માં પ્રગટતી ગ્રામચેતના

૧

બહુમુખી પ્રતિભા ધરાવતા મણિલાલ હ. પટેલ આધુનિક યુગના સર્જક છે. પદ્ય અને ગદ્યના તમામ સ્વરૂપો કવિતા નવલકથા, નવલિકા, નિબંધ, પ્રવાસ, વિવેચન, ક્ષેત્રે એમનું પ્રદાન રહ્યું છે૰ પરંતુ તેઓ નિબંધકાર તરીકે વિશેષ જાણીતા છે. 'અરણ્યોમાં આકાશ ઢોળાય છે', 'મુખોમુખ', 'કોઈ સાદ પાડે છે', 'માટીવટો', 'માટીના માનેખ', 'વૃક્ષાલોક', 'ભૂંસાતાં ગ્રામચિત્રો', 'ચાલ વૃક્ષને મળવા જઈએ', 'મલકની માયા', 'વેળાવેળાની વાત', વગેરે એમનાં નિબંધ સંગ્રહો છે.

'ભૂંસાતાં ગ્રામચિત્રો',(૨૦૦૦) મણિલાલ હ. પટેલનો સાતમો નિબંધ સંગ્રહ છે. જેમાં કુલ ૩૦ જેટલા નિબંધોનો સમાવેશ થયેલો છે. વ્યક્તિચિત્રો, સ્થળવિષયક, પ્રકૃતિવિષયક કે મૃત્યુંવિષયક જેવા વિષયોનું નિરૂપણ થયેલું છે. આ નિબંધ સંગ્રહ ઈશ્વર પેટલીકરના 'ગ્રામચિત્રો' કે જયંત પાઠકની 'વનાંચલ', નાં ગ્રામ પરિવેશોનું સ્મરણ કરાવે છે.

સર્જક્નાં નિબંધનો પરિવેશ પંચમહાલના છેવાડાના તળ પ્રદેશના જનપદનો રહ્યો છે. એ પ્રદેશમાં એમનો જન્મ અને ઉછેર થયો છે. ગ્રામજીવન અને કૃષિજીવન સાથે એમનો લોહીનાળનો સંબંધ રહ્યો છે. વતન થી વિખૂટા પડી નગરવાસી બનેલા લેખકને વારંવાર ગ્રામજીવન તરફ ખેંચાણ અનુભવે છે. આથી જ સર્જક પ્રસ્તાવનામાં નોધે છે : 'હું તૂટતાં ગામડાંને અને ભૂંસાતાં અસલ ગ્રામચિત્રોને બહુ સભાનપણે વર્ષોથી જીવતો-અનુભવતો રહ્યો છુ. સાચું કહું તો એ જ મારી પીડા છે, ને એ પીડા તરીને સંવેદનાનું રૂપ પામી ત્યારે ત્યારે આ ચિત્રો લખતાં જવાનું બન્યું છે.' આમ લાગણીમાં તણાયા વિના સભાન પણે નિરૂપણ કર્યું છે.

૨

'ભૂંસાતાં ગ્રામચિત્રો' માં મોટાભાગના નિબંધોમાં ગ્રામચેતનાનું નિરૂપણ થયેલું જોવા મળે છે. નિબંધકારે શૈશવ અવસ્થામાં નિહાળેલી ગ્રામજીવનની ભવ્ય જાહોજલાલી હવે જોવા મળતી નથી, બધુ પરિવર્તન પામ્યું છે. તેની વેદનાંનું ' ગામ ' નિબંધમાં વાસ્તવિકચિત્ર આલેખન પામ્યું છે જુઓ :

" હવે પ્રશ્ન થાય છે – ક્યાં છે 'મારું' ગામ ? પેલું કિશોરવયનું ગામ ! મારી વય એસ્તો મારા ગામની વય હતી મારે માટે તો ! હારબદ્ધ ઘરો,વચ્ચે મોકળાં ફળિયાં ને છૂટાં પાડતાં નેળિયાં, નેલિયાની ઊંચી થુવેર વાડો....વાડોની પાછળ મોટા વાડાઓ – વાડાઓમાં ખળાં ને ઘાસના કૂંધવાં ! નાવણિયાં ને બા-બીનોનાં બેસવાં ઊઠવાં,છનાની મોડવાળીઓ ને કઠિયારા,શાકવેલા,અને ઢોરનાં ખાણપાણી ! આંગણે ઢોર કાબીલા ને ત્રિભેટે કૂવો, નદી જતું નેળિયું ને સીમમાં જતી કેડીઓ,વગાડે વગાડે લઈ જતાં ગાડાં અને ધુળી યા ચીલા; ટેકરીઓના ઢાળ અને ધોળી કૂકરિયાળી કરકરી ધૂળમાં ચાલતાં ગાડાનાં પૈડાંનાં અવાજો – ખેડૂઓના હોંકારા ને રખેવાળીના પડકારા,પંખીઓનાં ઝોલાં ને કલરવતાં ઝાડવાં – છેક ઉંબરે આવી અને ખબર લેતી ઋતુઓ ..... ક્યાં છે હવે ? " (પૃ.૨)

પડસાળની નિબધકારે ભવ્ય ઝાંખી કરાવી છે. જેનું ઘરમાં આગવું મહત્વ છે,જેનાથી ઘરની ઓળખ થાય છે. જુઓ 'પડસાળ' નિબંધમાં જ્યાં ગ્રામચેતના ધબકે છે :

"પડસાળે જુવાનિયા પત્તા રમે, ખાટલા ઉકેલાય ને નવા આંણથી ભરાય. ઘર લીંપવાના ગારા પડસાળે ઘલાય. રાતે છોકરાં પડસાળે વાંચે.... દિવાળીએ પડસાળના ભીંતે ગોખલે દીવાઓ મુકાય. સામસામે દીપમાળાઓ ઝગી ઊઠે.... પડસાળે દારૂખાનાં ફૂટે –ફૂલ ઝરીઓ સળગે ને ઘંટીઓ રમે,દાદા રામાયણ-મહાભારત વાંચે.તેય પડસાળે. વહુ સાસુના માથામાં થી જૂ-લિખ વીણે, ફોઇ ગોદડીઓ કરે, દાદા પગનો કાંટો કાઢે,તેય પડસાળે. ભાઈ રિસાઇને પડસાળના ખાટલે સૂઈ જાય. ભાભી પડસાળના કોલામાં જઈને આંસુ છુપાવે.પડસાળ સો વાતની સાક્ષી. કુલેકાં પડસાળે ઊતરે...કસુંબાપાણીય પડસાળે."(પૃ.૧૭)

ગામનું પ્રવેશ દ્વાર ગણાતો ચોતરો આગવું મહત્વ ધરાવે છે. જ્યાં હાટ બજાર, વેપારી પ્રવૃતિ કે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થાય. એ સ્થાન વિશેષ કંઈક નિરાળું છે.અહીં પણ ગ્રામચેતના અનુભવાય છે. જુઓ 'ચોતરો' નિબંધમાં સર્જકે કરેલું ચિત્રણ :

" ચૉરે નટ નાચવા આવે, ચોરે રેલ્લા વેચનારા સિંધી કે વણકર વેપારીઓ આવે, મુકામ કરે. રૂમાલમાં હાથ ઢાંકી બેઉ પાર્ટી પરસ્પરની આંલીઓ દાબીને માલનાં મૂલ કરે. ક્યારેક

3

હાથીવાળા બાવા આવી ચઢે. ને છોરા ગામમાં સમાય નહીં... રામાપીરની મંડળીઓ, આગિયારસની ભજનમંડળીઓ ચોરાને જીવતી રાખતી. વૃદ્ધો ચકરડીમાં ભીંડી વીંટતા પાન કાઢતા હોય, પરસંગ મેળાતા. મેળા ભરાતા હોય – બધુ ચોરાની સાખે." ( પૃ.૩૫ )

સર્જક આ નિબંધ સંગ્રહમાં 'મેળા'નું ચિત્રણ કરવાનું ભૂલ્યો નથી. ગ્રામ્યજીવનમાં એનું મહત્વ અનોખુ છે. વિવિધ ધર્મ સ્થાનોએ અને વિવિધ સમાજે મેળાઓ ભરાતા હોય છે.યુવાન હૈયાઓ માટે એનું વિશેષ આકર્ષણ હોય છે. અહીં પણ ગ્રામચેતના અનુભવાય છે જુઓ : "તો મેળા ભરાતા આ મધવાસ ગામને ગોંદરે ! ત્યાં જેવી અને

જોવાનાઈ મળતાં ને ઘેલાં થતાં જોયા-જાણ્યાં,ને પાંડે અનુભવ્યાં હતાં. ગોકળ આઠમનો મેળો, આગિયારસનો મેળો, શિવરાત્રીનો મેળો, ગોંદરાને વાડ વાડાઓ માથે અમારી પ્રાથમિક-માધ્યમિક શાળાઓ ઊભેલી હતી. ગોંદરા વચોવચ પરબડી-વડ. સામે અડીને ઊંચી બાપુની હોટલ ને બેઉ પડખે ઢાળ-ભેખડો ઉપર મંદિરો. આ પરિસરમાં મેળાઓ ભરાતા. મેળા તો ઘણા ભરાય છે. આદિવાસી સંસ્કૃતિનો સાક્ષી ઉતર સાબરકાઠામાં સાબર નદીના મૂળમાં ભરતો ચિત્ર વિચિત્રેશ્વર નો ચૈત્રી અમાસે ભરાતો મેળો – એ ભાતીગળ પ્રજાની હેલે ચઢેલી જુવાની જોઈ રહીએ એવિ શામળાજીનો મેળો તો વધારે દા'ડા ચાલે એમાં જીવન સાથી શોધતા ને વન વાતે ચાલી નીકળતાં હૈયાં, તરણેતરના મેળામાં તો રામને ચઢેલી જોવાનાઈ જોઈને વય વિસરી જવાય. ગ્રામપ્રજા કેવી રૂપરૂણા ભંડાર જેવી છે. એ બધા મેળાઓમાં જ પમાય. નર્યો નિખાલસ મેળો.' ( પૃ. ૯૩ )

ગામમાં દરેક ઘર પછવાડે 'વાડો' અને 'ખળું' તૈયાર કરવામાં આવતા,જેમાં વાડામાં શાકભાજી ઉગાડવામાં આવતી, જ્યારે 'ખળું' ભાદરવો ઉતરતા તૈયાર કરવામાં આવતું તેનો ઉપયોગ ખેતરમાં થતું ખેત ઉત્પાદન તેની સફાઈ માટે ઉપયોગમાં આવતું, તેનું નિબંધકારે અહિ આબેહૂબ વર્ણન કર્યું છે : “આંગણાના મહિમા જેવો ઘર પછીતે વાડાનો મહિમા. બાળકે ગામડાના પાટીદારને વખતે આંગણાની સંકડાસ વેઠી લેવાય,પણ વાડો તો મોટો જોઈએ. આ વાડામાં એનું ખળું હોય,ખળું એની ખેતી અવેરવાનું મુખ્ય સ્થળ. ખેતરે પાકેલું ધન ધાન્ય પહેલા આ ઘર પછીતના ખળામાં ઠલવાય. ખળું ગામ ખેડૂતની છાતી જેવું ગણાય. અમારા ખળામાં ઠલવાય. કાળું ગામ ખેડૂતની છાતી જેવું ગણાય. અમારા ગામડામાં ભાદરવો ઊતરે – શરદ ઋતુના દિવસો ઊઘડે અને લોકો ઘર પછીતે ખળું તૈયાર કરવામાં પડે.” ( પૃ. ૪૮ )

૪

સમાજમાં વાટ પાડવા અને પ્રસંગોએ બિનજરૂરી ખર્ચાઓને કારણે ઊભી થતી વિષમતા પ્રત્યે સર્જક આક્રોશ વ્યક્ત કરતાં 'કુંવારો વૈશાખ” નિબંધમાં નિરૂપણ કર્યું છે - “વૈશાખની વરણાગી

છટા માણવા માદરે વતન છળ્યો જાઉં છુ... પણ આ દિવસોમાં જે જ્યાફતો ઊડે છે. જરૂરી બિનજરૂરી પ્રસંગો ઊભા કરીને લોકો હજાર મણના લાડુ કરી ખાય છે. ન્યાતવારને નામે દેવામાં ડૂબે છે ને ભાવિ પેઢીનું અજાણતાં - જાણતાં જે અહિત કરે છે. એ જોયું જતું નથી. ત્યાં ખાવું ખવરાવવું કે કહેવાતા આગેવાનોની ખુશામત કરતાં રહેવી – એનું નામ સામાજિકતા છે ! સારું કામ કરનારો આબરૂદાર ન ગણાય. પંચાતિયાઓ, લડાવનારાઓ ત્યાં મોટા ગણાય છે. આ પણ એક જાતનું ગંદુ ગોબરુ વરવું રાજકારણ છે ! ને ને એનો સામનો કરનારે કરનારે તો વેઠવાનું જ આવે એ વાત દીવા જેવી છે !” (પૃ.૧૧૧ )

નિબંધકારની સફળતાનું સૌથી મોટું પરિબળ હોય તો તેમણે પ્રયોજેલી ભાષા.અહિ નિબંધોમાં તત્સમ, દેશી, તળપદા, શબ્દપ્રયોગ, અલંકાર, રૂઢિપ્રયોગ, કહેવતો, ગીતો, લગ્નગીતો, ભજનો વગેરેનો યથોચિત પ્રયોગને કારણે ગ્રામજીવનની તાસીર પ્રગટી છે જુઓ :

અલંકાર : 'પડસાળોથી ઓકળીઓ હસી પડી', 'નવી વહુવારોની આંગળીઓ જેવી તરફેનો ખેતરમાં ફરીવાળી', 'ચોરો ગામનું જાણે કે રેડિયો સ્ટેશન,ચોતરો જાણે મલકનું સમાચારપત્ર ? ' સાજ,સવાર ચોરો ગામનું જાણે કે ટી.વી. સેન્ટર !', 'વીંછીનાં અંકોડા જેવી છરીઓ,' 'તાંબા જેવો ચહેરો', 'ધરુવાડિયાની માટી સુંવાળા કંસાર જેવી,' વગેરે.

તળપદા શબ્દો : 'નાવણિયા', 'વખાર', 'કઠિયારા', 'કેડીઓ', 'ચૂલો', 'ગમાણ', 'ફળિયું', 'ઢેકું', 'પડસાળ', 'પાડરા', 'ટોડલે', 'ગોખલે', 'ભોંઠું', 'ખડકી', 'કુંભી', 'પાદર', 'મોરવી', 'નેળ', 'મોતિયારો', વગેરે

સંસ્કૃત : 'અનાસક્ત', 'વાગ્દત્તા'

અંગ્રેજી શબ્દો : 'બસસ્ટેન્ડ', 'એલ્યુમિનિયમ', 'ટ્રેકટર', 'મોટર બાઇક', 'લાઈબ્રેરી', 'હાઈસ્કૂલ', 'ફાર્મહાઉસ', 'એપાર્ટમેંટ', 'પંપ'.

૫

કહેવતો, રૂઢિપ્રયોગો : 'એક કાન થઈ જવા', 'ખોળો પાથરવો', 'લાકડે માંકડું વળગાડવું', 'ગજવાં ગરમ થવાં', 'બાંધી મુઠ્ઠી લાખની', 'મનનો છશેર કરવો', 'જીવમાં જીવ આવવો', 'દોરડી બળે પણ વળે ન મૂકે', 'નવરો બેઠો નખ્ખોદ વાળે', વગેરે

ફટાણાં, ગીતો, લગ્નગીતો, લોકગીતો :

" ઘચડી ઢેફામાં શું ઊભી,ઘચડી આવરે લગોલગ...

તારા છેડલા ગંઠાડું ઘચડી આવ રે લગોલગ...! " (ફટાણાં )

" આણી શેરીએ સોખલા વેરાયા રે ઝરમરિયું....

આ તો કાનાભૈના વીરા રે ઝરમરિયું....! " ( ગીત )

" કાળી કાળી વાદળીમાં વિમાન ઊડે,

નીચેની દુનિયા જોયા કરે........

ભણેલા ભૂધર ભૈ છાપાં વાંચે,

અભણ રેવીવહુ દીવો ધરે..!" ( લગ્નગીત )

" ઊંડો કૂવો તે માદળ સાંકડો રે ...

અલ્યા સરખી સાહેલીની જોડ્ય મારા..." ( લોકગીત )

'ભૂંસાતા ગ્રામચિત્રો' માં અતીતના ગામડાની વહી ગયેલી વાતોનો અસબાબ છે. જે ગ્રામજીવન જીવાય ગયું છે તે ફરી મળવાનું નથી, એવી વેદનામાંથી સર્જાયા છે. ગ્રામચેતનાને ચેતનવંતા કરતાં જનપદનાં પાત્રો, સ્થળો, વહેમો, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, કૃષિપરિવેશ, મનુષ્ય સ્વભાવની સંકુચિત ભાવનાઓનો પરિવેશ 'ભૂંસાતા ગ્રામચિત્રો' નો દસ્તાવેજ છે.

### સંદર્ભસૂચિ :

(૧) પટેલ મણિલાલ – 'ભૂંસાતાં ગ્રામચિત્રો', પ્રકાશક : આર. આર. શેઠ કંપની, મુંબઈ-૨, અમદાવાદ -૧, પ્રથમ આવૃતિ : જાન્યુઆરી-૨૦૦૦

(૨) 'એજન', પૃ. ૨

(૩) 'એજન', પૃ. ૧૭

(૪) 'એજન' પૃ.૩૫

(૫) 'એજન' પૃ.૯૩

(૬) 'એજન' પૃ.૪૮

(૭) 'એજન' પૃ.૧૧૧

*****************************************************************

પ્રા. ધીરુભાઈ બી. પટેલ

ગુજરાતી વિભાગ

આર્ટ્સ – સાયન્સ – કોમર્સ પિલવાઈ – ૩૮૨૮૫૦

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat